# સાંદીપનિ - વાલ્મીકી - વેદવ્યાસ - અત્રિ - વશિષ્ટ - વિશ્વામિત્ર શાળા વિકાસ સંકુલ, મહેસાણા

તારીખ : ૦૩-૧૦-૨૦૨૩ | **પ્રથમ પરીક્ષા - ૨૦૨૩** | કુલ ગુણ : ૫૦

વાર : મંગળવાર | ધોરણ : ૧૧ વિષય : ગુજરાતી | સમય : ૨ કલાક

સૂચના : (1) બધા જ વિભાગ તથા પ્રશ્નો ફરજિયાત છે.
(2) જમણી બાજુના આંકડા પ્રશ્નોના કુલ ગુણ દર્શાવે છે.
(3) પ્રશ્નપત્ર ધ્યાનથી વાંચી નિયત સમયમાં પૂર્ણ કરો.
(4) પ્રશ્નપત્રમાં ક્યાંય પણ જવાબ કે નિશાની કરવી નહીં.

## વિભાગ - A (પદ્ય આધારિત)

★ **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.** 1

(1) 'એમ ઉગાર્યો ચંદ્રહાસ' કાવ્યનું આ સ્વરૂપ જણાવો.

(A) નરસિંહ મહેતા (B) શામળ (C) દયારામ (D) પ્રેમાનંદ

★ **નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો.** 2

(2) કવિએ શ્રીરામને કેવા કહ્યા છે ?

(3) બાવનનો સઘળો વિસ્તાર એટલે શું ?

★ **નીચે આપેલા પ્રશ્નોના ત્રણ - ચાર વાક્યમાં ઉત્તર આપો.** 2

(4) નાયકો આતિથ્ય માટે નાયિકા શી- શી વિનંતી કરે છે ?

★ **નીચે આપેલા પશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.** 4

(5) ચંદ્રહાસનું પાત્રાલેખન કરો.

<u>અથવા</u>

(5) 'ચકવાક મિથુન' કાવ્યમાં વ્યક્ત થયેલી વિરહવેદના તમારા શબ્દોમાં લખો.

## વિભાગ - B (ગદ્ય આધારિત)

★ **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.** 1

(6) અમૃતા કૃતિના લેખકનું નામ જણાવો.

(A) કિશનસિંહ ચાવડા (B) કૃષ્ણસિંહ ચાવડા (C) ચુનીલાલ મડિયા (D) ઉમાશંકર જોષી

★ **નીચે આપેલા પ્રશ્નનો ઉત્તર એક વાક્યમાં લખો.** 2

(7) જયશંકર 'સુંદરી' ના અભિનયગુરુ કોણ હતા ?

(8) કેવી જીભ પાડુંરોગની સૂચક છે ?

★ **નીચે આપેલા પ્રશ્નોના ત્રણ- ચાર વાક્યોમાં ઉત્તર લખો.** 2

(9) 'સ્નેહ અને વિરંદ' શબ્દો અલી ડોસાને ક્યારે સમજાય છે ?

★ **નીચે આપેલ પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો.** 4

(10) 'બુરાઈના દ્વાર પરથી' લોકકથાને આધારે શ્રીમંત માણસોની મનોવૃત્તિ વિશે જણાવો.

<u>અથવા</u>

(10) અમૃતાનું પાત્રાલેખન કરો.

## વિભાગ - C (વ્યાકરણ)

★ **કૌંસમાં દર્શાવેલા મુજબ વાક્ય રૂપાંતર કરો.** 2

(11) પોસ્ટમાસ્તરથી ઉતાવળે વાત વાળી લેવાઈ. (કર્તરીવાક્ય બનાવો)

(12) હું તો ભ્રમમાં જ પડી ગઈ. (ભાવે વાક્ય બનાવો)

★ **કૌંસમાં દર્શાવ્યા મુજબ વાક્યોનું પરિવર્તન કરો.** 2

(13) અલી ધીમે પગલે બહાર નીકળ્યો. (પ્રશ્ન વાક્યમાં ફેરવઓ)

(14) પણ ઘરાક આવે છે જ ક્યાં ? (નિષેધ વાક્ય બનાવો)

★ **નીચેના વાક્યમાં પ્રત્યય ખોટા વપરાયા હોય તો સુધારીને લખો.** 1

(15) ગુજરાતથી જે નારીના શોધમાં હું હતો તેના અહીં દર્શન થયા.

★ **નીચેના શબ્દોના અર્થભેદ લખો.** 1

(16) આરસ - આળસ (17) શેર - સેર

Master Classes Chirag Prajapati 98241 49446

★ નીચે આપેલ સમાનાર્થી શબ્દો શોધી સામ-સામે લખો. 1

| વિભાગ-અ | | વિભાગ-બ |
|---|---|---|
| (18) માટીડો | - | આશ્ચર્ય, નવાઈ |
| (19) કૌતુક | - | મરદ, પુરુષ |
| | - | વાંસો, પીઠ |

★ નીચેના શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો લખો. 1

(20) સુવિચાર (21) લૌકિક

★ નીચે આપેલા એક શબ્દ માટે યોગ્ય શબ્દ સમૂહ લખો 1

(22) બગાઈ (23) વરસી

★ નીચે આપેલા તળપદા શબ્દોના શિષ્ટરૂપ આપો. 1

(24) સૈકો (25) પોબારા

★ નીચે આપેલા શબ્દોની જોડણી સુધારી ફરીથી લખો. 1

(26) મીનિટ (27) રવીમરિચી

★ નીચેના વાક્યોમાંથી સંયોજક શોધીને લખો. 1

(28) હું રાજપર આવીશ ત્યારે તમારા વાસમાં ચોક્કસ આવીશ.

(29) એની ઈચ્છા હોય તો જ બોલવાનું કે સ્વાદ આવવાનું કાર્ય જીત કરી શકે, અન્યથા નહિ.

## વિભાગ - D (અર્થગ્રહણ)

★ નીચે આપેલ કાવ્ય વાંચી નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર લખો. 4

ઓચિંતુ કોઈ મને રસ્તે મળે
ને કદિ ધીરેથી પૂછે કે કેમ છો ?
આપણે તો કહીએ કે દરિયાશી મોજમાં
ને ઉપરથી કુદરતની રહેમ છે.
ફાટેલા ખિસ્સાની આડમાં મૂકી છે અમે
છલકાતી મલકાતી મોજ
એકલો ઊભું ને તોય મેળામાં હોઉં એવું
લાગ્યા કરે છે મને રોજ
તાળું વસાય નહી એવડી પટારીમાં
આપણો ખજાનો હેમખેમ છે.
આપણે તો કહીએ કે....
આંખોમાં પાણી તો આવે ને જાય
નથી ભીતર ભીનાશ થતી ઓછી
વધ-ઘટનો કાંઠાઓ રાખે હિસાબ
નથી પરવા સમંદરને હોતી
સૂરજ ઊગે ને આથમીયે જાય
મારી ઉપર આકાશ એમનેમ છે.
આપણે તો કહીએ કે .....

- ધ્રુવકુમાર ભટ્ટ

પ્રશ્નો :

(30) 'કોઈ પૂછે કે કેમ છે ?' પ્રશ્નનો કવિ શો ઉત્તર આપે છે ?

(31) કવિ એ મોજને ક્યાં મૂકી છે ?

(32) 'આપણો ખજાનો હેમખેમ છે' દ્વારા કવિ શું કહેવા માંગે છે ?

(33) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.



Master Classes Chirag Prajapati 98241 49446

★ **નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** 4

માનવી વિકાસયાત્રાની કરુણ્ય જ એ છે કે પુષ્પોથી માનવી થાક્યો છે. વિલાસ, કામુકતા અને રંગરાગ પણ તેને સાચા સુખનો અનુભવ કરાવી શક્યો નથી. એ સુખ પ્રાપ્ત કરવાનાં હવાતિયાં મારે છે, પણ તે પ્રાપ્ત કરવાનો તેનો રાહ ખોટો છે. માનવતાને કેન્દ્રમાં રાખ્યા સિવાયની શોધો કે ભૌતિક સાધન-સામગ્રીઓ ભાગ્યે જ સુખ અને શાંતિનો અનુભવ કરાવી શકે. એથી જ આજે યુરોપ કે અમેરિકામાં પણ માનવીને નિરાંત નથી. સમૃધ્ધિ વચ્ચે પણ માનવી ખોવાયેલો રઘવાયો દેખાય છે. આજના માનવીની સ્થિતિ પાની મેં મીન પિયાસી જેવી થઈ છે. તેથી પેલી પરમ શાંતિ અને મુક્તિની પ્યાસ છીપતી નથી અને તરસ્યો જીવ વ્યાકુળતા અનુભવે છે.

**પ્રશ્નો :**

(34) માનવને કઈ બાબતો સાચા સુખનો અનુભવ કરાવી શક્યાં નથી ?

(35) સમૃધ્ધિ વચ્ચે પણ માનવી કેવો દેખાય છે ?

(36) આજના માનવીની સ્થિતિ કેવી થઈ ગઈ છે ?

(37) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

## વિભાગ - E (લેખન સજ્જતા)

★ **નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર આપેલ મુદ્દાઓ આધારિત આશરે 200 શબ્દોમાં નિબંધ લખો.** 8

(38) સ્વચ્છતા ત્યાં પ્રભુતા :

મુદ્દા :- પ્રસ્તાવના - શરીરની સ્વચ્છતા - ઘર અને મહોલ્લાની સ્વચ્છતા અંગેના પ્રયત્નો - ગામડાં અને શહેરોની સ્થિતિ - ગાંધીજીના સ્વચ્છતા અંગેના પ્રયત્નો - સ્વચ્છતાની જવાબદારી - વિદેશોમાં સ્વચ્છતા - ઉપસંહાર

<u>અથવા</u>

(38) પ્રવાસનું જીવનઘડતરમાં સ્થાન :

મુદ્દા :- પ્રસ્તાવના - પ્રવાસના વિવિધ ફાયદા - પ્રત્યક્ષ જ્ઞાન - સૌંદર્ય દૃષ્ટિનો વિકાસ - સામૂહિક જીવનનો અનુભવ - સાહસિકવૃત્તિનો વિકાસ - ઉપસંહાર

<u>અથવા</u>

(38) વિજ્ઞાન : વરદાન કે શાપ ?

મુદ્દા :- પ્રસ્તાવના - વિજ્ઞાનના લાભ - વિજ્ઞાનના ગેરલાભ - ઉપસંહાર

★ **નીચેના વિષય પર આશરે 100 શબ્દોમાં અહેવાલ લખો.** 4

(39) તમારી શાળામાં ઉજવાયેલ ગુરુપૂર્ણિમા ઉત્સવનો અહેવાલ આશરે એક સો શબ્દોમાં લખો.

<u>અથવા</u>

★ **નીચેની પંક્તિનો અર્થ વિસ્તાર કરો.**

(39) સંત કે પયગમ્બરોનો આટલો સંદેશ છે;
ધર્મની શોભા વધે છે પ્રેમ ને બલિદાન થી.

● ● ● ● ●

Master Classes Chirag Prajapati

Scanned with ACE Scanner